ક્રમાંકઃ- પરચ-૧૧-૨૦૧૨-૧૧૦૯-મ.૩
કૃષિ અને સહકાર વિભાગ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૪/૦૫/૨૦૧૨

પ્રતિ,
* સેકશન અધિકારીશ્રી મ શાખા, કૃષિ અને સહકાર વિભાગ
* સર્વે ખાતાના વડાઓ/બોર્ડ/કોર્પોરેશન/કૃ.યુનિ, (વિભાગના નિયંત્રણ હેઠળના)

વિષયઃ- નિવૃત્તિ સમયનું ઉચ્ચક બદલી મુસાફરી ભથ્થું આપવા બાબત.

શ્રીમાન,

ઉપરોકત વિષય પરત્વે નાણા વિભાગના તા.૦૩-૦૫-૨૦૧૨ ના પત્રની નકલ આ સાથે સામેલ રાખેલ છે.

ઉકત પત્રમાં જણાવેલ વિગતે, જે અધિકારી/કર્મચારીઓને નિવૃત્તિ સમયે ઉચ્ચક બદલી ભથ્થું છઠ્ઠા પગાર પંચ મુજબ ચૂકવવામાં આવ્યુ હોય તેમને પાંચમાં પગાર પંચ મુજબના નિવૃત્તિ સમયના પગારને ધ્યાને લઈને ચૂકવવાનું થતું હોઈ ચૂકવેલ વધારાની રકમ તાત્કાલિક વસૂલ કરી તેની જાણ નાણા વિભાગને તેમજ અત્રે કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ

(શશિકાન્ત મહેતા)
સેકશન અધિકારી
કૃષિ અને સહકાર વિભાગ

બિડાણ :- ઉપર મુજબ
નકલ રવાના :- રોકડ શાખા, કૃષિ અને સહકાર વિભાગ

NAU / PSR / 376 / 12
Dt. 21 JUN 2012

પરચ/૧૦૨૦૧૨/ઓ.-૨૩૦/ચ

ગુજરાત સરકાર
નાણાં વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૦૩/૦૫/૨૦૧૨.

8 JUN 2012

૩૪૨૮

પ્રતિ,
નાયબ સચિવશ્રી,(મહેકમ)
કૃષિ અને સહકાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.

વિષયઃ- **નિવૃત્તિ સમયનુ ઉચ્ચક બદલી મુસાફરી ભથ્થુ આપવા બાબત..**

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે આજ્ઞાનુસાર જણાવવાનુ કે છઠ્ઠા પગાર પંચ બાદ અધિકારી/કર્મચારીઓને નિવૃત્ત સમયનુ ઉચ્ચક બદલી ભથ્થુ પાંચમાં પગાર પંચ મુજબના નિવૃત્તિ સમયના પગારને ધ્યાને લઇને ચૂકવવાનુ નક્કી કરવામાં આવેલ છે. આમ છતાં કેટલાક અધિકારી/કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચ મુજબના પગારને ધ્યાને લઇ નિવૃત્તિ સમયનુ ઉચ્ચક બદલી વળતર ભથ્થુ ચૂકવવામાં આવેલ છે.

જે અધિકારી/કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચ મુજબ આ પ્રકારનુ ભથ્થુ ચૂકવવામાં આવેલ હોય તેઓને પાંચમા પગારપંચ મુજબના પગાર ધોરણ મુજબ મળવાપાત્ર થાય છે. જેથી જે જે અધિકારી/કર્મચારીઓને છઠ્ઠા પગારપંચ મુજબના પગારને ધ્યાને લઇને ચૂકવવામાં આવેલ હોય તો વધારે ચુકવાયેલ તફાવતની રકમ તાત્કાલિક વસુલ કરવાની રહેશે. અને તેની જાણ અત્રે કરવાની રહેશે.

ઉપર મુજબની કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવા આપના તાબા હેઠળના ખતાના વડા/કચેરીના વડા/બોર્ડ અને કોર્પોરેશનને પણ કરવાની રહેશે.

આપનો વિશ્વાસુ.

(એચ.ડી.સેઇલર.)
નાયબ સચિવ,
નાણા વિભાગ.

**વંચાણે:–** સેકશન અધિકારી, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય,ગાંધીનગર ના પત્ર ક્રમાંકઃ પરચ–૧૧–૨૦૧૨–૧૧૦૯–મ.૩ તાઃ૨૪.૫.૨૦૧૨

**વિષયઃ– નિવૃત્તિ સમયનું ઉચ્ચક બદલી મુસાફરી ભથ્થું આપવા બાબત....**

---

**જા.નં.નકૃયુ/રજી/અ–૩–૩/** ૧૦૬૧૦–૫૯ **/૨૦૧૨** **તા.૨૨/૬/૨૦૧૨**

**સામેલ :** પત્રની ઝેરોક્ષ નકલ.

**કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

<u>નકલ સવિનય રવાનાઃ–</u>

(૧) કુલસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

(૨) નવસારી કેન્દ્રના તમામ યુનિટ/ સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ
ર/–જાણ તેમજ બિનચૂક અમલ થવા સારું.

<u>નકલ રવાનાઃ</u>– અત્રેની કચેરીની તમામ શાખાઓ તરફ જાણ તેમજ બિનચૂક અમલ થવા સારું.